College AISHE Code: C - 722 Establish: 1902

**Bahauddin Government Arts College – Junagadh**

College Road, Junagadh – 362001 (Gujarat) Phone : (0285)2673045

https://www.bahauddinarts.edu.inbahauddinarts@gmail.com

सत्यमेव जयते

Ref:- બ.આ.કો./આં.કો.સ્પર્ધા/૨૦૨૫-૨૬/ 873 DATE: 13/09/2025

પ્રતિ,
આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,

______________________

વિષય : ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી આંતર કોલેજ વેઇટ લિફ્ટિંગ અને પાવર લિફ્ટિંગ સ્પર્ધા બાબત.

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ દ્વારા શૈક્ષણિક વર્ષ 2025-26ની આંતર કોલેજ વેઇટ લિફ્ટિંગ અને પાવર લિફ્ટિંગ સ્પર્ધા ભાઈઓ અને બહેનોના સંચાલનની જવાબદારી અમારી કોલેજને સોંપવામાં આવેલ છે. સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતી કોલેજે સ્પર્ધા તારીખે યુનિવર્સિટીના નિયમ મુજબની સ્પર્ધકોની ડીટેઇલ એન્ટ્રીના એલીજીબીલીટી ફોર્મ અને જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે રૂબરૂમાં હાજર રહેવું. **વેઈટ લિફ્ટિંગ અને પાવર લિફ્ટિંગ બંને સ્પર્ધા માટે અલગ અલગ ડોક્યુમેન્ટ્સ રજૂ કરવાના રહેશે.**

| સ્પર્ધા સ્થળ : બહાઉદ્દીન ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ, જુનાગઢ. (સેન્ટ્રલ હોલ) | | | | |
|---|---|---|---|---|
| સ્પર્ધા | વિભાગ | સ્પર્ધા તારીખ | રિપોર્ટિંગ અને વેઈટ | સ્પર્ધા શરૂ થવાનો સમય |
| વેઈટ લિફ્ટિંગ અને પાવર લિફ્ટિંગ | ભાઈઓ | 26/09/2025 - શુક્રવાર | સવારે 07:00 થી 08:30 | સવારે 09:00 કલાકે |
| વેઈટ લિફ્ટિંગ અને પાવર લિફ્ટિંગ | બહેનો | 27/09/2025 - શનીવાર | સવારે 07:00 થી 08:30 | સવારે 09:00 કલાકે |

**જરૂરી સૂચનો :-**

- કોલેજ દીઠ એક વેઇટ કેટેગરીમાં વધુમાં વધુ 2 ખેલાડી ભાગ લઇ શકશે.
- વેઈટ લિફ્ટિંગ અને પાવર લિફ્ટિંગ બંને સ્પર્ધા માટે વજન સવારે 07:00 કલાકે કરવામાં આવશે.
- વેઈટ લિફ્ટિંગ સ્પર્ધા પૂર્ણ થયા બાદ પાવર લિફ્ટિંગ સ્પર્ધા શરૂ કરવામાં આવશે.
- યુનિ.ના નિયમ મુજબ એલીજીબીલીટી અને ડોક્યુમેન્ટ્સ નહીં હોય તો ભાગ લેવા દેવામાં આવેશે નહીં.
- દરેક સ્પર્ધકે યોગ્ય ગણવેશ પહેરવો તથા કોલેજ ઓળખપત્ર સાથે લાવવું ફરજીયાત છે.
- ભાઈઓ/બહેનોની કોલેજ દીઠ એન્ટ્રી ફી 200/- અને રેફરી ચાર્જ 200/- સ્પર્ધા સ્થળે આપવાનો રહેશે.
- સ્પર્ધામાં ભાગ લેનાર ટીમે રહેવાની તથા જમવાની વ્યવસ્થા પોતાની જાતે કરવાની રહેશે.
- સ્પર્ધા દરમ્યાન કોઈપણ ઇજા થાય તો તેની જવાબદારી ખેલાડીની પોતાની રહેશે.
- ટીમ સાથે કોલેજના જવાબદાર વ્યક્તિએ હાજર રહેવું ફરજીયાત છે.
- પંચનો નિર્ણય આખરી અને સર્વેને બંધનકર્તા રહેશે.
- **વધુ માહિતી માટે સંપર્ક :- ડૉ. એમ. આર. કુરેશી (શારીરિક શિક્ષણ વિભાગ) મો. 92768 05477**

Principal
Bahauddin Arts College
JUNAGADH.

**નકલ સવિનય રવાના :-**

1. કુલપતિશ્રી,ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.
2. I/C શારીરિક શિક્ષણ નિયામકશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.
3. સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.
4. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

# આંતર કોલેજ સ્પર્ધામાં ભાગ લેવા માટેના ડોક્યુમેન્ટસ

- સંપૂર્ણ વિગત ભરેલું અને પ્રિન્સિપાલશ્રીના સહી સિક્કા વાળું એલીજીબીલીટી ફોર્મ.
- પાસપોર્ટ સાઈઝનો ફોટો એલીજીબીલીટી ફોર્મમાં ચોટાડવો અને તેના પર પ્રિન્સિપાલશ્રીના સહી સિક્કા કરાવવા.
- 1 વધારાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ફોર્મ સાથે સ્ટેપલરથી જોડવાનો રહેશે.
- એલીજીબીલીટી ફોર્મ સાથે નીચે જણાવ્યા મુજબના ડોક્યુમેન્ટસ પ્રમાણિત કરીને ફરજિયાત જોડવાના રહેશે.

1. સ્કુલ લિવિંગ સર્ટિફિકેટની નકલ.
2. 10માં ધોરણની માર્કશીટની નકલ.
3. 12માં ધોરણની માર્કશીટની નકલ.
4. છેલ્લે આપેલી પરિક્ષાની માર્કશીટની નકલ.
5. જો પી. જી. કોર્ષમાં હોય તો ટી.વાય. ની પરિક્ષાની માર્કશીટની નકલ.
6. કોલેજની ચાલુ સત્રની ફી ભર્યાની પહોંચની નકલ.
7. આધારકાર્ડની નકલ.

**નોંધ :- ઉપરોક્ત સૂચના અનુસાર ડોક્યુમેન્ટસ રજૂ કરવામાં નહીં આવે તો તેવા વિદ્યાર્થીને સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.**

Principal
Bahauddin Arts College
JUNAGADH.